દાખલ તારીખ: ૩૦/૫/૨૦૨૬
નોંધણી તારીખ: ૩૦/૫/૨૦૨૬
ફેસલ તારીખ: ૨૯/૬/૨૦૨૬
સમયગાળો:–વર્ષ: માસ: દિવસ:
૦૦–૦૦–૩૦

**સાણંદ ના મહે.બીજા જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની અદાલત સમક્ષ, મું. સાણંદ.**

**ફોજદારી કેસ નં.૧૮૪૬/૨૦૨૬**

**શ્રી સરકાર**
(મુળ ફરિયાદી : ભરતસિંહ નારણસિંહ અ. પો.કો.)
(ચાંગોદર પોલીસ સ્ટેશન ગુન્હા
રજીસ્ટર નંબર : ૧૧૧૯૨૦૧૫૨૫૧૫૧૩) **– ફરિયાદી.**

**વિરુધ્ધ**

**હનીબેન પ્રતાપભાઈ ચુનારા**
રહેવાસી : ચાંગોદર, સાણંદ,અમદાવાદ(ગ્રામ્ય).
**– આરોપી**

**આરોપ:– નશાબંધી અધિનિયમની કલમ–૬૫એએ મુજબ.**

---

ફરિયાદ પક્ષ તરફે :–વિ.એ.પી.પી.શ્રી એમ.કે.શાહ
આરોપી તરફે :–વિ.વકીલશ્રી આર.ડી.વાઘેલા

---

**–:: ચુકાદો ::–**

**(૧)** ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામે કોલમ નં.૧ માં જણાવ્યા નામવાળા આરોપીએ પોતાના કબજા ભોગવટામાં ગે.કા.રીતે દેશીદારૂ ૦૩ લિટર કિં.રૂા.૬૦૦/–નો રાખી રેઈડ દરમ્યાન હાજર નહી મળી આવી પ્રોહી એકટ ૬૫ એએ મુજબનો ગુન્હો કરેલ છે.

**(૨)** સદરહુ ગુન્હાની ફરિયાદ ફરિયાદીએ ચાંગોદર પોલીસ સ્ટેશનમાં આપતા, ચાંગોદર પોલીસ સ્ટેશનમાં ઉપરોકત મુજબનો ગુન્હો દાખલ થયેલ અને તપાસ કરનાર અમલદારે તપાસ દરમિયાન

લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ, તપાસના અંતે હાલના આરોપી વિરૂધ્ધ ઉપરોકત ગુન્હાનું ચાર્જશીટ અદાલતમાં રજૂ કરેલ છે.

(૩) આ કામના આરોપીને ધોરણ સર સમન્સ બજી જતા, આરોપી અદાલતમાં ઉપસ્થિત થતા, તેમને પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડવામાં આવેલી. ત્યારબાદ આંક-૦૫ થી આરોપી વિરૂધ્ધ તહોમતનામું ફરમાવી આંક-૦૬ થી આરોપીની પ્લી નોંધવામાં આવતા, આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરેલ. જેથી ત્યારબાદ ફરિયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૪) સદરહુ ગુન્હાઓનાં આક્ષેપો સાબિત કરવા માટે ફરિયાદ પક્ષ ધ્વારા નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવો:-</u>**

| ક્રમ | સાહેદ | આંક |
|---|---|---|
| ૧. | પંચસાહેદ વિજયભાઈ ભીખાભાઈની જુબાની | ૦૮ |
| ૨. | પંચસાહેદ રણજીતભાઈ વિઠલભાઈની જુબાની | ૧૦ |

**<u>દસ્તાવેજી પુરાવો:-</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | પ્રોહી મુદ્દામાલ કબજે કર્યા અંગેનું પંચનામું | ૦૯ |
| ૨. | ફરીયાદ | ૧૧ |

(૫) ફરિયાદ પક્ષ તરફથી ઉપર પ્રમાણેનો મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ છે. ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રી પુરાવો પુરો થયાનું મૌખિક જાહેર કરેલ છે. રજૂ થયેલ પુરાવાના આધારે બી.એન.એસ.એસ. ની કલમ-૩૫૧ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી .

(૬) ત્યારબાદ ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી અને આરોપી તરફે વિ.વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળી.

(૭) ફરિયાદ પક્ષે રજૂ થયેલ પ્રસ્તુત પુરાવા ઉપરથી આ ફરિયાદના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબનાં મુદાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદ પક્ષ વ્યાજબી શંકાથી પર પુરવાર કરે છે કે, આ કામે કોલમ નં.૧ માં જણાવ્યા નામવાળા આરોપીએ પોતાના કબજા ભોગવટામાં ગે.કા.રીતે દેશીદારૂ ૦૩ લિટર કિં.

રૂા.૬૦૦/–નો રાખી રેઈડ દરમ્યાન હાજર નહી મળી આવી  પ્રોહી એકટ ૬૫ એએ મુજબનો ગુન્હો કરેલ છે. ?

(૨) શું હુકમ ?

**(૮)** ઉપરોકત મુદાઓ પરત્વે મારા નિર્ણય નીચે જણાવેલ કારણસર નીચે મુજબ છે.

મુદા નં. (૧) **: નકારમાં.**

મુદા નં. (૨) **: આખરી હુકમ મુજબ.**

**–:: કા ર ણો ::–**

**મુદા નં. ૧ :**

**(૯)** ફરિયાદ પક્ષે રજૂ થયેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા વંચાણે લેવામાં આવે તો ફરિયાદ પક્ષે પંચ સાહેદ વિજયભાઈ ભીખાભાઈને આંક–૦૮ થી તપાસવામા આવેલ છે. તેઓ પોતાની જુબાનીમા જણાવે છે કે, તા.ર૪/૧ર/રપ ના રોજ પોલીસે તેમને એક તૈયાર પંચનામામા તેમની સહી કરાવેલી. તે સિવાય હાલના કામે બીજુ કંઈ તેઓ જાણતા નથી. તેમને પંચનામાની નકલ બતાવવામા આવે છે. જેમા પંચ ૧ તરીકે તેમની સહી છે જે પંચનામાને આંક: ૦૯ આપવામા આવેલ છે.

સદરહુ પંચ સાહેદ ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપતા ન હોય વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરવા છતાં પંચનામાની હકીકતનો ઈન્કાર કરેલ છે.

જયારે સદર પંચસાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી દવારા ઉલટતપાસ કરતા એ હકીકતને સ્વીકારેલ છે કે તેઓએ એક તૈયાર પંચનામામા સહી કરેલ છે તે સીવાય બીજુ કંઈ જાણતા નથી.

**(૧૦)** વધુમાં ફરિયાદ પક્ષ તરફે પંચ સાહેદ રણજીતભાઈ વિઠલભાઈને આંક–૧૦ થી તપાસવામા આવેલ છે. તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમા જણાવે છે કે, તા.ર૪/૧ર/રપ ના રોજ પોલીસે તેમને એક તૈયાર પંચનામામા તેમની સહી કરાવેલી. તે સિવાય હાલના કામે બીજુ કંઈ તેઓ જાણતા નથી. તેમને  આંક–૦૯ વાળા પંચનામાની નકલ બતાવવામા આવે છે. જેમા પંચ ર તરીકે તેમની સહી છે.

સદરહુ પંચ સાહેદ ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપતા ન હોય વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરવા છતાં પંચનામાની હકીકતનો ઈન્કાર કરેલ છે.

જયારે સદર પંચસાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી દવારા ઉલટતપાસ કરતા એ હકીકતને સ્વીકારેલ છે કે તેઓએ એક તૈયાર પંચનામામા સહી કરેલ છે તે સીવાય બીજુ કંઈ જાણતા નથી.

આમ, સદરહુ પંચ સાહેદો ની જુબાનીથી આંક– ૦૯ ના પંચનામાની હકીકતો પુરવાર થઈ શકતી નથી.

(૧૧) આમ, ફરિયાદ પક્ષ તરફથી રજુ થયેલ ઉપરોકત સમગ્ર મૌખિક અને દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન કરતા બનાવ વખતે રેઈડમાં ફરિયાદી સાથે સ્વતંત્ર સાહેદ એવા પંચ સાહેદો હાજર હોવા છતાં સદરહુ પંચ સાહેદે ફરીયાદપક્ષની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી તેવા સંજોગોમાં પંચોની હાજરીમાં રેઈડ કરવામાં આવેલ હોય તે હકીકતમાં વિશ્વસનીયતા જણાય આવતી નથી. આ સંદર્ભે નામ.ગુજરાત હાઈકોર્ટના ચુકાદા સ્ટેટ ઓફ ગુજરાત –વિરૂધ્ધ– રઈજીભાઈ ચતુરભાઈ સોલંકી, ૧૯૬૦(૦) એ.આઈ.જે.ઈ.એલ.–એચ.સી. –૨૧૨૩૪૬ના પેરા–૭માં જણાવેલ છે કે, The real principle is that where the presence of panchas is obligatory at the time of search the evidence of police officer conducting search must ordinarily be corroborated and that if there is no such corroboration ordinarily a conviction should not rest solely on uncorroborated testimony of police officer who conducted search." સદરહુ ચુકાદાને ધ્યાને લેવામાં આવે તો તપાસ કરનાર અમલદાર તેઓની જુબાનીમાં પંચનામાને પૂર્ણ સમર્થન આપે તો પણ પંચોનું પંચનામાને સમર્થન આપવું અનિવાર્ય છે. જો પંચનામું પુરવાર ન થાય તો ફરીયાદ પક્ષ તેઓનો રીકવરી પર નિર્ભર કેસ આરોપી સામે પુરવાર કરી શકશે નહીં તેમજ તેના પર આધાર રાખી આરોપીને દોષી ઠરાવી શકાશે નહીં. વધુમા બનાવ વાળી જગ્યા એ જાહેર વિસ્તાર છે અને ત્યાં ઘણા મકાનો આવેલા છે અને બનાવ સ્થળની આજુબાજુમાં કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન આ કામે લીધેલા હોય તેવું રેકર્ડ જોતા જણાતું નથી. જેથી બનાવવાળી જગ્યાએથી સ્વતંત્ર એવા સાક્ષી મળી આવે તેવી શકયતા હોવા છતાં ફરિયાદીએ તેવા ઈસમોની હાજરીમાં રેઈડ કરેલ નથી કે તપાસનીશ અધિકારીએ તેવા ઈસમોના નિવેદન નોંધેલ નથી કે તેવા ઈસમોને સાક્ષી તરીકે ફરિયાદ પક્ષે તપાસેલ નથી. આંક–૧૧ થી ફરિયાદ રજૂ થયેલ છે, પરંતુ આ કામના મહત્વના એવા પંચ સાહેદ આંક–૦૯ ના પ્રાથમિક તથા મુદામાલ કબજે કર્યાના પંચનામાને લેશમાત્ર સમર્થન આપતા નથી. જેથી જે મુદામાલ કબજે લેવામાં આવેલ છે તે આરોપીના પ્રત્યક્ષ કબજા

ભોગવટાનો અને તેઓના કબજામાંથી મળી આવ્યાનું સાબિત થતું નથી ત્યારે સદર દસ્તાવેજી પુરાવા ઉપર આધાર રાખી આરોપીને દોષિત ઠરાવી શકાય નહીં. તે સિવાય આ કામે અન્ય કોઈ પુરાવો ફરિયાદ પક્ષે રજુ થયેલ નથી. આમ, રેકર્ડ ઉપર જે પુરાવો પડેલ છે તે પુરાવાથી ફરિયાદ પક્ષ આરોપી સામેનો કેસ વ્યાજબી શંકા થી પર પુરવાર કરી શકેલ ન હોય અને રજૂ થયેલા પુરાવાથી આરોપીની સંડોવણી અંગે શંકા ઉત્પન્ન થતી હોય ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત અનુસાર આવી શંકાનો લાભ આરોપીને મળવાપાત્ર બને છે. જેથી મુદા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદા નં.ર અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**—:: આખરી હુકમ ::—**

| | |
|---|---|
| (૧) | આ કામના આરોપી હનીબેન પ્રતાપભાઈ ચુનારા રહેવાસી : ચાંગોદર, સાણંદ,અમદાવાદ (ગ્રામ્ય) નાઓને બી.એન.એસ.એસ ની કલમ – ૨૭૧ અન્વયે ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ– ૬૫ એએ મુજબના શિક્ષાનેપાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે. |
| (૨) | આ કામના આરોપીના જામીનખત અને જાત મુચરકા રદ કરવામાં આવે છે. અને આરોપીએ બી.એન.એસ.એસ ની કલમ– ૪૮૧ મુજબ રૂ.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જાત જામીન અને જાત મુચરકા રજૂ કરવા, અગર તો જામીન તરીકે ચાલુ રહેવા પુરસીસ રજૂ કરવી. |
| (૩) | આ કામે મુદામાલ પાવતીની વિગતે કબજે લેવાયેલ મુદામાલનો અપીલ સમય બાદ નાશ કરવો. |

આ હુકમ આજ તારીખ **૨૯ મી,** માહે **જુન** સને **૨૦૨૬** ના રોજ મારી સહી કરી, ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ: સાણંદ
તા: ૨૯/૦૬/૨૦૨૬

**( પ્રેરણા રાજેશ છાપીયા)**
બીજા જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
સાણંદ
**(GJ–01758)**